# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-01-2025** **MIDDAY : 1.20 to 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

*****************************************************

1) સમગ્ર વિશ્વમાં ધામધૂમ, ઉત્સાહ, આતશબાજી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને આનંદની સાથે નવા વર્ષનું સ્વાગત કરવામાં આવ્યું
2) સરકાર દ્વારા આજથી વન નૅશન વન સબ્સ્ક્રિપ્શન યોજનાનો પ્રારંભ કરાયો
3) દેશનું માળખાકીય ઉત્પાદન નવેમ્બર મહિનામાં ઉચ્ચ સ્તરે પહોંચ્યું.
4) **પ્રયાગરાજના** કુંભમેળામાં આ વર્ષે 2 હજાર ડ્રોન સાથેનો ડ્રોન શો યોજાશે
5) પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં આજે શીતલહેરની આગાહી - **દેશના ઉત્તરી ક્ષેત્રમાં ગાઢ ધુમ્મસના કારણે અનેક ટ્રેનને અસર**

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# NEW YEAR CELEBRATION

સમગ્ર વિશ્વમાં ધામધૂમ, ઉત્સાહ, આતશબાજી, સાંસ્કૃતિક કાર્યક્રમો અને આનંદની સાથે નવા વર્ષનું સ્વાગત કરવામાં આવ્યું. સૌથી પહેલા પ્રશાંત ક્ષેત્રના કિરીબતિમાં નવા વર્ષનું સ્વાગત કરાયું. નવા વર્ષનો સ્વાગત સમારોહ અમેરિકી સમોઆમાં સૌથી છેલ્લે યોજાયો હતો.

જ્યારે સિડનીથી લંડન સુધી નવા વર્ષને આશા અને આકાંક્ષાઓની સાથે ઉજવવામાં આવ્યું. તો ન્યૂ ઝિલેન્ડના ઑકલૅન્ડ પહેલું મુખ્ય શહેર હતું, જ્યાં ભવ્ય આતશબાજી અને ધામધૂમ સાથે નવા વર્ષની ઉજવણી કરવામાં આવી. ઑસ્ટ્રેલિયાના સિડનીમાં ઘડિયાળનો કાંટો રાત્રે 12 વાગ્યાના ટકોરે પહોંચ્યો તરત જ આતશબાજી અને રોશનીથી હારબર બ્રિજ અને ઑપેરા હાઉસ જગમગી ઊઠ્યું હતું.

દુબઈમાં વિશ્વના સૌથી ઊંચા સ્કાયસ્ક્રૅપર બૂર્જખલીફા પર નવા વર્ષના સ્વાગત માટે ભવ્ય આતશબાજી અને રોશની કરવામાં આવી. લંડનામાં પણ કડકડતી ઠંડી વચ્ચે ટૅમ્સ નદીના કાંઠે ભવ્ય આતશબાજી કરવામાં આવી.

આ તરફ ભારતમાં નવું વર્ષ ઉત્સાહ સાથે ઉજવાયું. મુંબઈમાં અરબસાગરના કાંઠે હજારો લોકોએ નવા વર્ષનું સ્વાગત કર્યું. જ્યારે દિલ્હીના કનૉટ પ્લેસ અને હૌજ ખાસ જેવા મહત્વના સ્થળો પર ઘણી અવરજવર જોવા મળી.

રાજધાનીમાં પણ નવા વર્ષ નિમિત્તે લોકોની ભીડને જોતા સુરક્ષાની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. દરમિયાન સમૃદ્ધ વર્ષની પ્રાર્થના માટે હજારો શ્રદ્ધાળુઓ મંદિરોમાં દર્શન માટે પહોંચ્યા હતા.

. . . . . . . . . . . . . . .

# PREZ PM NEW YEAR WISH

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવા વર્ષ 2025ના અવસરે લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. એક સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ નાગરિકોને એક ઉજ્જવળ ભવિષ્ય બનાવવા સાથે મળીને કામ કરવાની પોતાની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો હતો. ભારત અને વિશ્વ માટે વધુ સમાવેશક અને ટકાઉ ભવિષ્યની પણ સુશ્રી મુર્મૂએ પ્રાર્થના કરી હતી.

ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડે નવા વર્ષને દેશની પ્રજાસત્તાક યાત્રામાં એક મહત્વનો વળાંક ગણાવ્યો હતો. તેમણે ઉલ્લેખ કર્યો કે, આ વર્ષ આપણા સંવિધાનની શતાબ્દીનો છેલ્લા ત્રિમાસિકમાં પ્રવેશનું પ્રતીક છે. તેમણે કહ્યું, આપણે વર્ષ 2047માં વિકસિત ભારતની દિશામાં આગળ વધીએ અને સંવિધાન નિર્માતાઓના દ્રષ્ટિકોણને સાકાર કરવા માટે ફરી સમર્પિત થઈ જઈએ તે સમય હવે આવી ગયો છે.

નવા વર્ષમાં નાગરિકોને સારું સ્વાસ્થ્ય અને સમૃદ્ધિની પ્રાર્થના કરતા પ્રધાનમંત્રી મોદીએ આ વર્ષ તમામના જીવનમાં નવી તક, સફળતા અને અઢળક ખુશીઓ લાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

. . . . . . . . . . . . . . .

## REV ONOS

સરકારે આજથી વન નૅશન વન સબ્સ્ક્રિપ્શન - ONOS યોજનાનો પ્રારંભ કર્યો છે. આ યોજનાનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને સિંગલ સબ્સ્ક્રિપ્શન પ્લૅટફૉર્મ અંતર્ગત સંશોધનપત્ર, જર્નલો અને શૈક્ષણિક સામગ્રી સહિત વ્યાપક ડિજિટલ જ્ઞાન સંશાધનો સુધી અવિરત પહોંચ ઉપલબ્ધ કરાવવાનો છે. આ યોજનાથી વિવિધ જગ્યાએ સબ્સ્ક્રિપ્શન લેવાની જરૂર નહીં પડે.

વિશ્વ-વિદ્યાલયો અને I.I.T સહિત સરકારી સહાય પ્રાપ્ત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાના એક કરોડ 80 લાખ વિદ્યાર્થીઓને આ પહેલના ભાગરૂપે વિશ્વભરના ટોચના જર્નલમાં પ્રકાશિત સંશોધનપત્રોને જોવાની સુવિધા મળશે. આ અંગે મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર પ્રૉફેસર અજય કુમાર સુદે વધુ માહિતી આપી હતી.

**(બાઈટઃ પ્રૉ. અજયકુમાર સુદ, મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર)**

. . . . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફૉલો કરશો.

. . . . . . . . . . . . . .

# DAY CORE INDUSTRIES DATA

ભારતનું માળખાકીય ઉત્પાદન નવેમ્બરમાં ચાર મહિનાના ઉચ્ચ સ્તરે પહોંચ્યું છે, જેનું દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં યોગદાન અંદાજે 40 ટકા જેટલું છે. નવેમ્બર દરમિયાન આઠ મુખ્ય ક્ષેત્રોમાંથી છ ક્ષેત્રમાં વૃદ્ધિના કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. સિમેન્ટ, કોલસો, વીજળી, રિફાઈનરી, ચીજવસ્તુઓ અને ખાતરના ઉત્પાદનમાં સકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે.

વાણિજ્ય ઉદ્યોગ મંત્રાલયના આંકડાઓ મુજબ, નવેમ્બરમાં આઠ મુખ્ય ઉદ્યોગોનો સૂચકાંક 4.3 ટકા વધ્યો છે. આ ઑક્ટોબરની સરખામણીએ 3.7 ટકા વધુ છે. સપ્ટેમ્બરમાં 2.4 ટકાની વૃદ્ધિ અને ઑગસ્ટમાં 1.5 ટકાની સરખામણીએ આ મહત્વનો સુધારો છે. જ્યારે કોલસાનું ઉત્પાદન 7.5 ટકા, પેટ્રોલિયમ રિફાઈનરી ઉત્પાદન 2.9 ટકા, ખાતર 2 ટકા, સ્ટીલનું 4.8 ટકા અને સિમેન્ટનું ઉત્પાદન 13 ટકા વધ્યું છે. ઉપરાંત વિજળી ઉત્પાદન 3.8 ટકા વધ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# MAHA KUMBH MELA

વિશ્વના સૌથી મોટા આધ્યાત્મિક મેળાવડા તરીકે ઉજવાતો મહાકુંભ મેળો, આસ્થા, સંસ્કૃતિ અને પ્રાચીન પરંપરાનું આકર્ષક સંગમ છે.

હિંદુ પૌરાણિક કથાઓમાં મૂળ, આ પવિત્ર મેળો 12 વર્ષમાં એક વખત થાય છે, જે ભારતના હરિદ્વાર, ઉજ્જૈન, નાસિક અને પ્રયાગરાજ ચાર ધાર્મિક શહેરો વચ્ચે યોજાય છે:

13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી, પ્રયાગરાજ ફરી એકવાર આ ભવ્ય ઉજવણીનું કેન્દ્ર બનશે, લાખો યાત્રાળુઓ અને મુલાકાતીઓને ભક્તિ, એકતા અને ભારતના જીવંત આધ્યાત્મિક વારસાના ગહન પ્રદર્શનના સાક્ષી બનશે. અંદાજે 45 કરોડ મુલાકાતીઓની અપેક્ષા સાથે, સલામત અને સમૃદ્ધ અનુભવ સુનિશ્ચિત કરવા વ્યાપક તૈયારીઓ ચાલી રહી છે.

આ વર્ષના કુંભમેળામાં 2 હજાર ડ્રોન સાથેનો અદભૂત ડ્રોન શો પણ દર્શાવવામાં આવશે જે "પ્રયાગ માહાત્મ્યમ" અને "સમુદ્ર મંથન" ની સુપ્રસિદ્ધ વાર્તાઓનું વર્ણન કરશે. AI-સંચાલિત કૅમેરા, અંડરવોટર ડ્રોન જેવી અદ્યતન સિસ્ટમ્સ 24/7 દેખરેખ પૂરી પાડશે. દરમિયાન, ટેન્ટ સિટીમાં રોકાણ માટે ઓનલાઈન બુકિંગ 10 જાન્યુઆરીએ IRCTC જેવા પ્લેટફોર્મ દ્વારા ખુલશે.

. . . . . . . . . . . . . . .

# WEATHER

**ભારતીય હવામાન વિભાગે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં શીતલહેરની આગાહી વ્યક્ત કરી છે. હિમાચલપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરાના કેટલાક ભાગમાં આગામી 2થી ત્રણ દિવસ દરમિયાન રાત્રે અને સવારના સમયે**

ગાઢ ધુમ્મસ છવાઈ શકે છે. હવામાન વિભાગે આજે અરૂણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલૅન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં શીતલહેર રહેવાની પણ સંભાવના વ્યક્ત કરી છે.

વિભાગના જણાવ્યા મુજબ, આગામી 24 કલાક પશ્ચિમી હિમાલયન ક્ષેત્ર અને ઉત્તર-પશ્ચિમ ભારતના મેદાની વિસ્તારમાં ઓછામાં ઓછું તાપમાન રહેશે, પરંતુ ત્યારબાદ ધીમે ધીમે 2થી 5 ડિગ્રી સેલ્સિયસની વૃદ્ધિ જોવા મળી શકે છે.

. . . . . . . . . . . . . . .

# TRAIN DELAYED

દેશના ઉત્તરી ક્ષેત્રમાં ગાઢ ધુમ્મસના કારણે અનેક ટ્રેનની અવરજવર પર અસર થઈ છે. ભારતીય રેલવેના જણાવ્યા મુજબ, દિલ્હી આવનારી 22 ટ્રેન 2 કલાક સુધી મોડી ચાલી રહી છે, જેમાં અયોધ્યા એક્સપ્રેસ, પાતાલકોટ એક્સપ્રેસ, કૈફિયત એક્સપ્રેસ, તેલંગાણા એક્સપ્રેસ અને પદ્માવતી એક્સપ્રેસ સામેલ છે. મુસાફરોને સ્ટેશન પર જતા પહેલા ટ્રેનની નવી સ્થિતિ જાણવા સલાહ આપવામાં આવી છે.

. . . . . . . . . . . . . . .

# J&K ROPEAWAY PROJECT

જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લાના કટરામાં રોપ-વે પ્રોજેક્ટ વિરુદ્ધ આંદોલન બંધ કરાયું છે. અમારા જમ્મુના સંવાદદાતાએ જણાવ્યું છે કે સરકાર અને સંઘર્ષ સમિતિના સભ્યો વચ્ચે થયેલી સમજૂતી બાદ ગઈકાલે સાંજે સાતમા દિવસે આંદોલન બંધ કરાયું હતું.

................